સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લે હાથમાં કાયદા આંદોલન, તંત્ર તનાવે છે,
દેખાય શાંત, પણ ગૃહસેના શસ્ત્રો સજાવે છે,
મનાવે સામ-દામ-દંડ-ભેડે પણ દિલમાં છે દંડ -
એક બાજુ 'મમત' છે તો સામે 'મત' સતાવે છે...
(ચાણક્યો દ્વિધાભરી ચિંતામાં...)

હાઈકુ

વાતોમાં રાખી
કરાવે ફાટફૂટ -
અંગ્રેજી નીતિ...
(ચિનાઈ ચાલ) (દિલ્હી સરહદે-સ્ટેચ્યુ ઓફ યુનિટી)

'સરદાર'ની
સંગઠનની શક્તિ -
આવે છે યાદ...

ચિંતન

ઉદેભાસિતાખિલખલસ્ય વિશ્રૃખલસ્ય,
પ્રાગજાતવિસ્તૃત નિજાધમકર્મ વૃત્તે : ।
દૈવાદવાપ્તવિભસ્ય ગુણદ્વિષોડસ્ય
નીચસ્ય ગોચરગતઃ સુખમાસ્યતે કૈઃ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે. જે નીચ માણસમાં વિશ્વના બધા ખલ પુરુષોનાં દર્શન થાય છે એવો જ સૌથી અધમાતિઅધમ નીચ માણસ છે, જે પૂર્વજન્મ અને આજન્મમાં અધમ કર્મોથી જીવન જીવી રહ્યો છે, જેને દૈવયોગથી સંપત્તિ પ્રાપ્ત થઈ છે, જેને હંમેશા ગુણો અને ગુણવાનોનો દ્વેષ થયો છે તેવા નીચ માણસની દૃષ્ટિએ ચઢેલો કયો પુરુષ સુખી થઈ શકે? કોઈ નહિ અર્થાત્ આવા નીચ પુરુષની નજરે પણ ન ચઢવું.

સુવિચાર

- આપણે જો માત્ર પોતાનાં કર્તવ્યોનું પાલન કરીએ, તો પણ આપણું કર્મ યજ્ઞ બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાતવારથી ઉપર આઠમો વાર છે એતબાર (વિશ્વાસ) - **મોરારિ બાપુ**
- બાહુબળ ગમે તેટલું હોય, યુદ્ધના મેદાનમાં મનોબળ કામ આવે છે, પાંખની નહીં પણ આત્મશ્રદ્ધાથી ઉડી શકાય છે - **જયેશ પટેલ**
- સુર હોય કે અસુર બંનેને સરખી શક્તિ પ્રભુએ આપી છે, પણ એ બંને એનો ઉપયોગ જુદી જુદી રીતે કરે છે - **સત્યકામ દત્ત**
- શક્તિનો વિવાહ પ્રેમની સંગાથે થાય તો જ ક્ષમા, ઉદારતા, સહજતાનું પ્રગટીકરણ થશે - **ત્રિલોકચંદ્ર**
- જયાં વિશ્વાસથી નમશો ત્યાં ઈશ્વર છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : એક જાયફળને દૂધમાં ઘસીને કપાળે તથા નાક પર દિવસમાં ત્રણ-ચાર વાર લગાડવાથી મટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

૧૯૪૨ની સાલમાં બર્માના જંગલમાં જાપાનના લશ્કર સામે લડવા માટે શામ માણેકશા શીખ રેજિમેન્ટનું નેતૃત્વ કરી રહ્યા હતા. એમના એક શિખ પડછંદ જવાનનું નામ હતું. સોહનસિંહ જે સિપાઈમાંથી પ્રમોશન મેળવીને લાન્સ નાયક સુધી પહોંચેલ જાંબાઝ જવાન હતો. શામ માણેકશા એને લાન્સ નાયકમાંથી પાછો સિપાઈ બનાવી દીધો હતો. કારણ કે તે મિલિટ્રીના અમુક પ્રોટોકોલને વારંવાર ભંગ કરતો હતો. આવું કરવામાં શામના અત્યંત વિશ્વાસ બળવંતસિંઘે કહ્યું, 'શામ સાબ, સોહેનસિંહને કેદ કરી દીધો છે. કારણ કે આપે એનું પ્રમોશન પરત લીધું તો એણે એવો બળાપો કાઢ્યો છે કે તે આપને ગોલી મારી દેશે...' શામે કહ્યું, 'મારી સામે ખુરશીમાં એ સોહનને હાજર કરો બેસાડો....' બળવંતસિંહે શામ અને સોહનને આરોપનામું વાંચી સંભળાવ્યું. શામે પૂછ્યું, 'સોહમસિંહ, આ શું છે?' શામે પોતાની પીસ્ટલ લોડ કરી સોહમસિંહને હાથમાં આપતાં કહ્યું, 'લે, મારી નાખો, મને' સોહનસિંહ ભોંઠો પડ્યો... શામે તેને એક જોરદાર તમાચો માર્યો. 'કંઈ કરી શકતો નથી તો ફાલતુંનો બકવાસ ન કર. સુનાવણી પૂરી. સોહમસિંહને ફરી ડ્યુટી પર લઈ લો.' બળવંતસિંહે ચિંતાના સ્વરમાં કહ્યું, 'સાબ, આપનું જોખમ હજી છે. એ તમને ગોળી મારશે..' ત્યારે શામે સોહમને ફરી પાછો બાલવ્યો અને કહ્યું, 'આજે મારા ટેન્ટની બહાર તારે પહેરો ભરવાનો છે. કાલે સવારે પાંચ વાગે ગરમ ચા સાથે તારે જ મને ઉઠાડવાનો છે. કોઈ શક??' સોહમસિંહે, 'નો, સર.' વર્ષો પછી આ બનાવને યાદ કરી શામે કહ્યું, 'જો મેં સોહસને પુરી દીધો હોત તો મારા સૈનિકોને એવું જ થાત કે બોસ ડરી ગયા છે. એ સન્માન જો હું ખોઈ બેસું તો અમારી પલ્ટનની હાર નક્કી જ હોત. હિંમત જ નેતૃત્વનું સબળ પાસું છે.'

માનવ સંસ્કૃતિનો પાયો હચમચી ગયો છે

તંત્રીસ્થાનેથી...

કોરોના સંક્રમણને એક વર્ષ પૂરું થવા આવશે અને હવે તો બહુ જ નજીકના ભવિષ્યમાં એની વેકસીન પણ ઉપલબ્ધ થશે. ગ્રેટ બ્રિટન અને રશિયામાં રસીકરણ શરૂ થઈ ચૂક્યું છે. અમેરિકા પણ એના નાગરિકોને મફત રસી અપાવવા સંકલ્પબદ્ધ છે અને નવા રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન માટે એ સર્વોચ્ચ પ્રાથમિકતા ધરાવતો મુદ્દો છે. હરિયાણાના આરોગ્ય મંત્રી વીજ ઉમળકાભેર રસીના ટ્રાયલમાં સામેલ થયા હતા પરંતુ એમને એવળી અસર થઈ છે અને કોરોના સામેની એન્ટીબોલી તૈયાર થાય એ પહેલાં વાઈરસ છેક ફેફસા સુધી પહોંચી જતા એમની તબિયત વધુ કથળી છે. રસી પણ કોરોના સામે સંપૂર્ણ રક્ષાકવચ પૂરું પાડશે એમ માની લેવાની ભૂલ કરવા જેવી નથી. વૈજ્ઞાનિકો, તબીબો અને વિશ્વ આરોગ્ય સંસ્થા આ મુદ્દે સતત ચેતવતાં રહેતાં હોવા છતાં પ્રજા માસ્ક અને સેનિટાઈઝર જેવી પાયાની શરતો બાબતે બેદરકારી દાખવતી રહે છે જેને કારણે કોરોનાને ફાલવા-ફૂલવાની તકો ઉપલબ્ધ થતી રહે છે. આઈટી માંધાતા બિલ ગેટ્સ તો કોરોના સંક્રમણ હજુ વધારે ભોગ લેશે અને ૨૦૨૨ સુધી એનો કોપ જારી રહેશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી ચૂક્યા છે. ઘર આંગણે એ કોપ આપણે અનુભવી ચૂક્યા છીએ. અનેક ઉપાયો પછી માંડ એક્ટિવ કેસ અને મરણાંકમાં ઘટાડો નોંધાયો છે પણ ક્યારે પાછો ઉછાળો આવશે એ કહેવું મુશ્કેલ છે. અનેક જાણીતી હસ્તીઓના જીવ ગયા છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અહમદ પટેલ ઉપરાંત મણિનગર ગાદી સંસ્થાનના આચાર્ય પ.પૂ. પુરુષોત્તમ પ્રિયદાસજી જેવા નામાંકિત ધુરંધરો, બેજન દારુવાલા જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત જ્યોતિષીનો કોરોનાએ ભોગ લીધો છે. મહેશ-નહેશની કલાકાર બંધુ બેલડી એનો કોળિયો બની ગઈ અને ઘણાબધાં ફ્રંટલાઈન કોરોના વોરિયર્સ પણ શહીદ થયા. અસંખ્ય જાણીતા, સેવાભાવી ડૉક્ટરો કોરોનાનો ભોગ બન્યા છે જે પૈકી કેટલાંક તો આ ફાની દુનિયા છોડી ચૂક્યા છે. નેગેટીવ થાય પછીપણ કોરોનાથી બગડી ગયેલી બાજી સુધરતાં ઘણો વખત લાગે છે. છેલ્લે ગુજરી ગયેલા પ્રતિષ્ઠિત મહાનુભાવોમાં વૈદ્યરાજ વત્સલ વસાણી. લોકસાહિત્યના પ્રખર સંશોધક અને ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ મહામાત્ર ડૉ. હસુ યાજ્ઞિક પ્રખર આંબેડકરવાદી જ્યોતિકર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ લખનાર સર્જક વિવેચક ડૉ. બહેચરભાઈ ર. પટેલ અને ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડનાં પૂર્ણ અધ્યક્ષ, આકાશવાણી - અમદાવાદનાં પૂર્વ નિર્દેશક તથા વાર્તાકાર - કેળવણીકાર વસુબેન ભટ્ટનો સમાવેશ થાય છે. કોરોના કોઈને બક્ષતો નથી. કોણ જાણે કેટલા શિક્ષણવિદો અને સાક્ષરોને એ ડંખી ચૂક્યો હશે જેની નોંધ પણ આ વિપરીત સંજોગોમાં પૂરી રીતે લઈ શકાઈ નહીં હોય. સામાન્ય રીતે આપણે મૃત્યુના માતમ પછી શ્રદ્ધાંજલિ સભાઓ રાખવા ટેવાયેલ છીએ. કોરોનાએ બેસણાં અને શ્રદ્ધાંજલી સભાઓ પર પ્રતિબંધ મૂકી દઈ એક જુદી જ જાતની પરંપરા સરજી દીધી છે. અહમદ પટેલ, કેશુભાઈ પટેલ કે રાજકોટના નવનિર્વાચીત રાજયસભા સાંસદ અભય ભારદ્વાજની પાછળ પણ સરખી શ્રદ્ધાંજલિ સભાઓ નથી યોજી શકાઈ. સરકાર તો સંખ્યાની દૃષ્ટિએ પ્રતિબંધ મૂકે જ; પણ કોરોના ઈન્ફેકશનની ધાકમાં લોકો પોતે પણ બહાર નીકળવા તૈયાર નથી થતા. સ્વજનનું મૃત્યુ થયું હોય તો પણ ટેલિફોનથી કામ પતાવી દે છે. બહુ બહુ તો જે - તે સ્થળ આગળ જઈ પોતાના વાહનમાં પસાર થઈ જવું - 'ડ્રાઈવ ઈન' બેસણાં યોજાય છે. લગ્ન સમારંભોમાં નર્યું દહેશતનું વાતાવરણ પ્રવર્તે છે. કોરોનાએ આખી જીવનશૈલી પર જ જનોઈવઢ ઘા કરી દીધો છે. માણસ માણસથી દૂર ભાગતો થઈ ગયો છે, મોઢું સંતાડતો થઈ ગયો છે. સો વરસમાં કદાચ પહેલી જ વાર આખી દુનિયામાં આવી એકસરખી નકારાત્મક પરિસ્થિતિ ચીનને કારણે સરજાઈ છે. અને છતાં માણસ તો માણસ છે. એ જયારે કંટાળી જાય છે ત્યારે બેફિકર બની જાય છે. અજ્ઞાનવશ બેફિકરાઈ રાખનારા ગ્રામીણ વિસ્તારોમાં પણ કોરોનાનો કાળમુખો પંજો પ્રસરી ચૂક્યો છે. તો વળી જાણતા હોવા છતાં નેતાઓ રાજકીય આંદોલનો, સભાઓ અને રેલીઓ યોજવાનો મોહ છોડી શકતા નથી. પરિણામે ટોળાં થાય છે અને માંડ નિયંત્રણમાં આવેલા વાઈરસને ફરી તક મળી જાય છે. યુરોપ આખું એનાથી ત્રાહિમામ પોકારી ઊઠ્યું છે. અમેરિકામાં તો પ્રલય જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે, ત્યારે ભારતે ચેતવાની જરૂર છે. ફરી પાછું લોકડાઉનનું બિહામણું ચક્કર પોસાય એમ નથી, કારણ કે લોકડાઉન લોકોનો રોટલો ખૂંચવી લે છે. ન્યુઝીલેન્ડ સંપૂર્ણપણે કોરોનામુક્ત થઈ શક્યું હોય તો આપણે પણ એને કેમ ના અનુસરીએ ?

એઠાં બોરનો મહિમા

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

પંપા સરોવરની શોભા અને કમળોને કારણે હતી. સરોવરને પૂર્વ અન પશ્ચિમ કિનારે વિશાળ વન. વનનું નામ માતંગવન હતું. માતંગઋષિનો અહીં નિવાસ. એમનો પ્રભાવ એવો - વાઘ અને હરણ પણ હેતપ્રીતથી રહે.



માતંગ ઋષિની દેખભાળ કરનારી એક સેવિકા હતી. શબરી એનું નામ. શબર - ભીલ - એમની જાતિ. પરંતુ એમ જ બોલાય - તપસ્વિની શબરી. શ્વેત કેશ એની વૃદ્ધાવસ્થાનાં સૌંદર્યમાં વધારો કરે. દેહનું સૌષ્ઠવ પણ ખરું.

એકવાર ઋષિએ એને પાસે બોલાવીને જાણ કરી. 'મારે પરમધામમાં પ્રયાણ કરવાનો સમય આવી ગોય છે. પરંતુ મારે અહીં રોકાવાનું છે. આપણાં આશ્રમમાં શ્રીરામ એના ભાઈ લક્ષ્મણ સાથે આવશે. તું એનો સત્કાર કરી લે. પછી તારે મહાપ્રયાણ કરવાનું છે.' ઋષિએ યોગમાર્ગે પોતાનો દેહ મૂક્યો.

શબરીએ આદેશ સ્વીકારી લીધો. એ રામની પ્રતીક્ષા તીવ્રપણે કરતી હતી. થોડા સમય પછી એને સમાચાર મળ્યા - 'કબંધે પોતાનો દેહ છોડતી વખતે શ્રીરામને વિનંતી કરી હતી. પંપા સરોવરને કિનારે શબરી તમારી પ્રતીક્ષા કરે છે. તમે અહીંથી એમને મળવા જાવ.' આ રીતે શબરીને ખબર પડી - 'શ્રીરામ, લક્ષ્મણ સાથે અહીં આવે છે.'

વૃક્ષની નીચે ઓટલો હતો. એના પર એણે કૂમળું ઘાસ પાથર્યું. ઉપર કમળની પાંદડીઓ બિછાવી. આસન તૈયાર કર્યું. વાંસની ટોપલી બાંધી. અહીં બોરડીનું નાનું વન હતું. એ બોર તોડે, ચાખી લે, મીઠું હોય તો ટોપલીમાં નાખે. ટોપલી ભરાઈ ગઈ, દરેકે દરેક બોર ચાખેલું.

એની ચીરપ્રતીક્ષાનો અંત આવ્યો. રામ લક્ષ્મણ પધાર્યા. શબરીએ એમને, પોતે તૈયાર કરેલા આસન ઉપર બેસાડ્યા. ચરણો પવિત્ર જળથી પખાળ્યા. હૈયામાં હરખ મા'ય નહીં. સ્વાગત કરી લીધા પછી, એમને ટોપલી આપી. રામ અને લક્ષ્મણ હોંશે હોંસે ખાતા જાય, અને રાજી થતા જાય. ટોપલી હવે ખાલી થઈ ગઈ.

શબરી એનાં ચરણોમાં હતી. એણે કહ્યું, 'હું તો અધમ અને અભણ નારી છું. હું તમારું સ્વાગત શું કરવાની હતી?' રામે કહ્યું, 'તું મારી માતાની જગ્યાએ છો. હું તો તને નમન કરું છું. તારી મારા પ્રત્યે જે ભક્તિ છે. એ મારે માટે મહત્વની છે. આ ભક્તિ અનન્યા છે. હું ભક્તિને મહત્ત્વ આપું છું. જાતિ, જ્ઞાન, કર્મ - આ બધું મહત્વનું નથી. ભક્તિ ન હોય, તો આ બધું, જળ વગરનાં વાદળ જેવું છે.'

રામે ઈચ્છા પ્રગટ કરી, એટલે શબરીએ માતંગવનનાં મહત્ત્વનાં સ્થાનો બતાવ્યા.

સાંજ ઢળવા આવી હતી. સંધ્યાનો સમય હતો. પૂર્વદિશામાં યજ્ઞનો અગ્નિ પ્રજ્જવલિત હતો. શબરીએ રામને પ્રણામ કર્યા અને વિનંતી કરી. 'હવે આપ મને મહાપ્રયાણની પરવાનગી આપો.' શ્રી રામે એમને 'તથાસ્તુ' કહ્યું.

યજ્ઞની વેદી પાસે શબરી હાથ જોડીને ઊભી રહી, શુભ સંકલ્પ હતો. તરત જ વીજળી જેવો તેજ લીસોટો થયો. શરીર તેજરેખામાં પરિવર્તિત થઈ ગયું. આકાશ ઝળાહળાં થઈ ગયું. રામ અને લક્ષ્મણે પ્રગટેલી તેજરેખાને પ્રણામ કર્ય અને આ સ્થળેથી વિદાય લીધી.

ગુજરાતી ભાષામાં પ્રથમ આત્મકથા કોણે લખી?

ગુજરાતના કવિઓ અને સાહિત્યકારો

૧ 'રાખના રમકડાં મારા રામે રમતાં રાખ્યા રે' ગીતના રચયિતા કોણ છે ?
(અ) અવિનાશ વ્યાસ (બ) જયંત શુકલ
(ક) પ્રામલાલ વ્યાસ (ડ) મુકુંદ દેસાઈ

૨ 'ગુજારે જે શિરે તારે જગતનો નાથ સ્હેજ' આ ગઝલ કોણે લખી છે ?
(અ) ચીનુ મોદી (બ) બાલશંકર કંથારિયા
(ક) બરકત અલી વિરાણી (ડ) મધુરાય

૩ ગુજરાતમાં દેહદાનની શરૂઆત કયા પ્રસિદ્ધ સાહિત્યકાર દ્વારા થઈ ?
(અ) નાનાભાઈ ભટ્ટ (બ) જયંતિ દલાલ
(ક) રાજેન્દ્ર શાહ (ડ) પ્રહલાદ પારેખ

૪ 'અમે બધા' આ હાસ્યકથા કયા બે લેખકોએ મળી લખી છે ?
(અ) ઉમાશંકર અને બચુભાઈ રાવત (બ) દલપતરામ અને નર્મદ
(ક) જ્યોતિન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા (ડ) સ્નેહરશ્મિ અને બકુલ ધોળકિયા

૫ રમણલાલ નીલકંઠના વિવેચન સંગ્રહનું નામ શું છે ?
(અ) સાહિત્ય વિચારણા (બ) જીવન વિચારણા
(ક) અહિંસા વિવેચન (ડ) કવિતા અને સાહિત્ય

૬ 'નિશાન ચૂક માફ નહીં માફ નીચું નિશાન' આ વિધાન કોનું છે?
(અ) બ.ક.ઠાકોર (બ) પ્રહલાદ પારેખ
(ક) બોટાદકર (ડ) સ્વામી આનંદ

૭ પ્રેમાનંદ માટે 'એ પ્રિન્સ ઓફ પ્લેજીયારીટસ' આ વિધાન કોણે કર્યું છે ?
(અ) સુંદરમ્ (બ) કનૈયાલાલ મુનશી
(ક) સ્વામી આનંદ (ડ) કાકાસાહેબ કાલેલકર

૮ હેમચંદ્રાચાર્ય રચિત સિદ્ધહેમ કઈ ભાષામાં છે?
(અ) સંસ્કૃત (બ) ગુજરાતી
(ક) માગધી (ડ) પ્રાકૃત

૯ નરસિંહ મહેતાના મોટાભાગના પદો કયા છંદમાં રચાયા છે?
(અ) શિખરીણી (બ) મંદાક્રાન્તા
(ક) ઝૂલણા છંદ (ડ) સ્ત્રગ્ધરા

૧૦ કવિ 'કાન્ત'નું મૂળ નામ શું છે?
(અ) મણિશંકર રત્નજી ભટ્ટ (બ) રમણભાઈ નીલકંઠ
(ક) સુરસિંહજી તખ્તજી ગોહિલ (ડ) રામનારાયણ પાઠક

૧૧ આચાર્ય આનંદ શંકર ધ્રુવે કઈ યુનિવર્સિટીમાં ઉપકુલપતિ તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો ?
(અ) બોમ્બે યુનિવર્સિટી (બ) ગુજરાત યુનિવર્સિટી
(ક) મહારાજા સયાજીરાવ યુનિ. (ડ) વારાણસી હિન્દુ યુનિ.

૧૨ કવિ ઉમાશંકર જોશીનું કયું સામયિક પત્રકારત્વ અને સાહિત્યક્ષેત્રે અજોડ કહેવાય છે?
(અ) પંકજ (બ) દાંડીયા
(ક) સંસ્કૃતિ (ડ) ઝાકળ

૧૩ ગુજરાતી ભાષામાં પ્રથમ આત્મકથા કોણે લખી?
(અ) દલપતરામ (બ) ગાંધીજી
(ક) ક.મા. મુનશી (ડ) નર્મદ

૧૪ ઝવેરચંદ મેઘાણીએ સ્વતંત્રતા અને પરતંત્રતાને લગતા કાવ્યો કયા કાવ્યસંગ્રહમાં લખ્યા છે?
(અ) ઊર્મિ અને વિચાર (બ) ધરતીનું ધાવણ
(ક) મા ભોમની રક્ષા (ડ) સિંધુડો

૧૫ 'આંધળી માનો કાગળ' આ કૃતિના લેખક કોણ છે ?
(અ) પન્નાલાલ પટેલ (બ) ઈન્દુલાલ ગાંધી
(ક) જયંતિ દલાલ (ડ) પુષ્કર ચંદરાવકર

વિવિધા

ખજાનો
અનિલ પટેલ

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧૮ ડિસેમ્બર : લઘુમતી અધિકાર દિવસ
  - ન્યાયનિષ્ઠ રાજપુરષ સર તેજબહાદુર સપ્રુનો જન્મદિવસ (૧૮૭૫)
  - સાયન્સ ફીકશનને મોટા પડદા પર જીવંત કરનાર સ્ટીવન સ્પીલબર્ગનોજન્મ દિવસ (૧૯૪૬)
  - બ્રિટને મોતની સજા પર પ્રતિબંધ મુક્યો (૧૯૬૯)
  - જાપાન સંયુક્ત રાષ્ટ્રમાં સામેલ થયું શ્ર(૧૯૫૬)
- ૧૯ ડિસેમ્બર :
  - ગુજરાતના પહેલા પંક્તિના ઉદ્યોગપતિ શેઠ કસ્તુરભાઈ લાલભાઈનો જન્મદિવસ (૧૮૯૪)
  - ગોપાલદાસ દેસાઈનો જન્મદિવસ (૧૮૮૭)
  - પાંડુરંગ ગો. દેશપાંડેનો જન્મદિવસ (૧૯૦૦)
  - ગઝલ અને શેર શાયરીના સર્જક શૂન્ય પાલનપુરીનો જન્મદિવસ (૧૯૨૨)
- ૨૦ ડિસેમ્બર :
  - અમેરિકન સાહિત્યકાર જહોન સ્ટાઈન બેકનો જન્મદિવસ (૧૯૬૮)
  - બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે વંદે માતરમ્‌ની રચના કરી (૧૮૭૬)
  - સુનીલ કોઠારીનો જન્મદિવસ (૧૯૩૩)
  - ઈન્ડિયન ગોલ્ફ યુનિયનની રચના કરવામાં આવી (૧૯૫૫)
- ૨૧ ડિસેમ્બર :
  - ગુરુ અને શનિનું ગ્રેટ કન્જેશન એટલે કે ૪૦૦ વર્ષ પછી ખૂબ નજીક જોવા મળશે (૨૦૨૦)
  - નેપાળ બ્રિટનના સંરક્ષણમાંથી મુક્ત થઈ સ્વતંત્ર દેશ બન્યો (૧૯૨૩)
  - ફિલ્મ અભિનેતા ગોવિંદાનો જન્મદિવસ (૧૯૬૩)
  - વન-ડે ટેસ્ટ ઓપનિંગ બેટ્સમેન શ્રીકાંતનો જન્મદિવસ (૧૯૫૯)
- ૨૨ ડિસેમ્બર :
  - ફ્રેન્ચ ગુનાનાથી ઈન્સેટ-૪નું પ્રક્ષેપણ (૨૦૦૫)
  - મા શારદા દેવીનો જન્મદિવસ (૧૮૫૩)
  - નોબેલ પ્રાઈઝ વિજેતા ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાના સાહિત્યકાર સેમ્યુઅલ બેકેટનું નિધન (૧૯૮૯)
  - ભારતમાં પહેલી માલગાડી ઉત્તરપ્રદેશના રૂરકીથી ચાલી (૧૮૫૧)
- ૨૩ ડિસેમ્બર : કિશાન દિવસ
  - પૂર્વ વડાપ્રધાન પીવી નરસિંહરાવનું નિધન (૨૦૦૪)
  - પ્રખર રાજનિતિજ્ઞ રાસબિહારી ઘોષનું નિધન (૧૮૪૫)
  - કેનેડાના યુસુફ કાર્શનો જન્મ (૧૯૦૮)
  - વૈજ્ઞાનિક લૂઈ પાશ્ચરનો જન્મદિવસ (૧૮૮૨)
- ૨૪ ડિસેમ્બર :
  - વિશ્વનાથ આનંદ ચેમ્પિયન બન્યા (૨૦૦૨)
  - મહાન ગાયક મહમદ રફીનો જન્મદિવસ (૧૯૨૪)
  - જૂની પેઢી અને નવી પેઢીનો જોડનાર સાહિત્યકાર બાલાભાઈ વિરચંદભાઈ દેસાઈનું 'જયભિખ્ખુ'નું નિધન (૧૯૬૯)
  - વાસ્કો ડી ગામાનું નિધન (૧૫૨૪)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

હરિયાણામાં ખટ્ટર સરકાર કઈ પાર્ટીના સમર્થન સાથે સત્તામાં છે?
જવાબ : જનનાયક જનતા પાર્ટી

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૪) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૫) શિવાંગ બી પટેલ : સરગાસણ (૬) રુચિત પટેલ : ધોળેશ્વર પાસે (૭) ધવલ પટેલ : સે-૭ (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭

આ સપ્તાહનો સવાલ

ખેડૂત આંદોલનના સમર્થનમાં કયા સંતે આત્મહત્યા કરી શહીદી વહોરી લીધી?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

પૂઠું, પોસ્ટર, પેકેજિંગ

હળવે હૈયે
પ્રકાશ લાલા

પૂઠું, (ટાઈટલ - આવરણ) જોઈને પુસ્તક વિશે અભિપ્રાય ના બાંધી શકાય. બાહ્ય દેખાવ, એનો ઉપરી ઠાઠ ભાવકો જઈને એના વિશે મનમાં કશો મત બાંધી લેવાનું જોખમી પુરવાર થઈ શકે છે. કોઈની અલપઝલપ મુલાકાત બાદ એ વ્યક્તિનો સ્વભાવ તો 'આવો-તેવો છે' એમ ધારી લઈએ તો કદાચ આપણે એ વ્યક્તિને અન્યાય કરી બેસીએ એવું ય બને...

કયારેક વ્યક્તિનો બાહરી દેખાવ, વસ્ત્રો-સ્ટાઈલનો ઠાઠમાળ એનો સહજ શોખ ને સ્વભાવ ન હોય પણ બીજાને આંજી દેવા માટે અને અંજાયેલાને મીઠી જીભથી ભોળવી - ભરમાવી એનું કરી નાખવાનું - તેને બાટલીમાં ઉતારવાની ચોક્કસ ચાલરૂપે હોઈ શકે છે! બધા જ સરસ દેખાતા લોકો આવું કરનારા છે એમ નથી કહેવાનો મતલબ નથી પરંતુ સમાજમાં આવાં જે દૃષ્ટાંતો જોવા - સાંભળવ મળે છે. એના પરિણામે તો 'ચુનો ચોપડી ગયો', 'ફુલેકુ ફેરવી ગયો...', 'છેતરીને છટકી ગયો', 'ઠંડા પાણીએ નવરાવી ગયો', વગેરે હેડીંગ સાથેના ન્યૂઝ ચમકતા રહે છે.

કોઈ સાથેની એક જ ટૂંકી મુલાકાતના આધારે 'એ તો પ્રાઉડી છે પોતાને સમથીંગ સમજે છે...' એવા તારણ ઉપર આવી જઈએ તે વાજબી ના કહેવાય.... બની શકે કે એ મુલાકાત વેળા એ વ્યક્તિની મનોસ્થિતિ કંઈક એવી હોય કે તે આપણી સાથે બરાબર, ખુલીને વાતચીત ન કરી શકી હોય... હકીકતે એ અતિ મિલનસાર, પ્રેમાળ ને પરગજુ સ્વભાવની પણ હોય... જેનો આપણને ધીરે ધીરે પરિચય થાય... તેથી જ સારી વાત એ છે કે ઝટ દઈને કોઈ વિશે આવું કે તેવું સર્ટીફિકેટ ઈસ્યુ કરવાની આદતથી બચવું.... કેમ કે પોસ્ટર ઉપરથી ફિલ્મનો ને આકર્ષક પેકીંગ ઉપરથી અંદરના માલની ગુણવત્તાનો સાચો ખ્યાલ નથી આવતો... ટાઈટલ કહેતાં પૂઠું, પોસ્ટર અને પેકીંગ છેતરાયણા પણ હોઈ શકે... બધા આ જાણે છે, છતાંય બાહ્ય રૂપરંગ, સજાવટથી ખેંચાય - આકર્ષાય છે એ સાઈકોલોજી સમજીને તો વેપારધંધામાં લોભામણી 'માર્કેટિંગ કળા' અને રાજકારણમાં લલચાવનારાં વચનોથી ભરપૂર 'ભાષણકળા' જોમમાં છે ને!

ઊંડા ઊતરીને જોઈશું તો જણાશે કે માનવસહજ સ્વભાવ છે કોઈના વિશે ઝટ અભિપ્રાય દર્શાવી દેવાનો, કોઈ પણ બાબતમાં ઝટ દઈને સામાને સંભળાવી દેવાનો, તરત જ બીજા ઉપર વિશ્વાસ - કયારેક તો આંધળો વિશ્વાસ મૂકવાનો!! આપણે કામકાજમાં ઝડપી હોઈએ, હાથ ઉપર લીધેલું કામ ફટાફટ પૂરું કરી દેતા હોઈએ એ સહારનીય ગુણ છે... પણ દરેક બાબતમાં ઉતાવળિયા થઈ જવું એ ન તો સારી વાત છે ના હિતાવહ પણ. કેમ કે ઉતાવળ કરવામાં ઘણીવાર વેતરાઈ કે બફાઈ જતું હોય છે... પછી એમાં 'અનડૂ' કરવાનું બટન તો હોતું નથી એટલે છેવટે પસ્તાવાનો વારો આવે છે... 'ઉતાવળા સો બ્હાવરા, ધીરા સો ગંભીર' એટલે તો કહેવાયું છે. ઝડપ જરૂરી છે - આવકાર્ય છે, ઉતાવળ નહીં. ઉતાવળભરી ઝડપ કયારેક 'ઝડપની મજા, મોતની સજા' બની રહે એવું બને માટે જ જીવનની મેચમાં ઉતાવળે - આડેધડ ફટકાબાજી કરવાના બદલે, દરેક પરિસ્થિતિ - પ્રસંગ - સંજોગમાં અને પ્રત્યેક વ્યક્તિ જોડેના વ્યવહારમાં ગૌતમ 'ગંભીર' બની બેટિંગ કરવામાં જ ડહાપણ છે.

રેલવે સ્ટેશને, ટિકિટ બારી પર જઈ 'માગશર વડ બારસની, રાતના બીજા ચોઘડીયાની બે ટિકિટ આપો' એમ કહીએ તો ટિકિટ ના મળે પણ 'ચસકેલ'નું પ્રમાણપત્ર, ગુસ્સાભર્યા અપશબ્દો સાથે મળે... ત્યાં તો ચોક્કસ તારીખ, માસ, વર્ષ ને સમય જણાવીએ તો જ ટિકિટ મળે... કહેવાનો અર્થ એ છે કે કયારે બોલવું, કયાં બોલવું, કેટલું બોલવું, કેવું - શું બોલવું, કઈ ભાષામાં બોલવું ને ખાસ તો બોલવું કે મૌન રહેવું એની સમજણ કેળવાય તો પ્રશ્નો ઊભા જ થાય અને ઊભા થયેલા પ્રશ્નો શાંતિથી ટળી જાય.

જો કે બધા આ વાત જાણે જ છે - સમજે જ છે, બસ, આચરણમાં આવતું નથી તે 'ખાટલે મોટી ખોડ' છે. બાકી આજે પરિસ્થિતિ એવી છે કે સૌને બોલવું છે...'હું જ સાચો ને મારી વાત જ સાચી છે.' એવા ભાર (કે ભ્રમ?) સાથે સતત બોલતા રહેવું છે, પણ એમને સાંભળનારા નથી મળતા. બોલનારાની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે હવે સાંભળનારાઓની ખોટ પડશે... કદાચ આવનારા દિવસોમાં એવી જાહેરાત આપવી પડે કે 'ફલાણા ફલાણા વિષય પરના લેકચર માટે સારા શ્રોતાઓ જોઈએ છે!!'